જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૫/૨૦૨૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૬૫૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી, ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૧૦૨ લીટર દેશી દારૂ, ૧૩૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૧ સ્કુટર, ૦૧ રિક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૧,૧૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૬૫૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૬૫૮/૨૦૨૬**

સોલા હાઈકોર્ટઃ જાગૃત ચંદ્રેશભાઈ શાહ (રહે. ઘ ઈમ્પેરીયન, નીલકંઠ વીલાની બાજુમાં, ડીપીએસ બોપલ રોડ બોપલ) તા.૦૭/૦૫/૨૦૨૫ સાંજના ૦૫/૧૫ વાગ્યાના સુમારે સોલા, ઘ કેપીટલ બીલ્ડીંગ સામે વેદાંતા હોસ્પીટલ આગળથી પોતાની કાર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ એ ગાડી ઉભી રાખવાનો ઈશારો કરતા જાગૃત શાહ નાઓ કાર ઉભી રાખી કારને લોક મારી મોટર સાયકલ ચાલક નજીક ગયા હતા દરમ્યાન અન્ય મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ એ જાગૃત શાહની કારના દરવાજાનો કાચ તોડી કારમાંથી બેગ ચોરી કરી લઈ નાસી ગયો હતો. જે બેગમાં રોકડ રૂપિયા ૪,૫૯,૦૦૦/– હતા. આ અંગેની ફરીયાદ જાગૃત શાહ એ તા.૦૮/૦૫/૨૦૨૬ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડિ.પી.સોલંકી ચલાવે છે.

સોનાની ચેઈન ખેંચી તોડી લઈ ગયાઃ– **સમાચાર યાદી નં.૬૫૯/૨૦૨૬**

નવરંગપુરાઃ જ્યોત્સનાબહેન વા/ઓ વાઘજીભાઈ દોષી (ઉ.વ.૬૫) (રહે. ઈન્દ્રપુરી એપાર્ટમેન્ટ કલ્યાણ સોસાયટી મિઠાખળી નવરંગપુરા) તા.૦૮/૦૫/૨૦૨૬ સવારના ૯/૪૫ વાગ્યાના સુમારે નવરંગપુરા મિઠાખળી વૈદેહી એપાર્ટમેન્ટના ગેટ આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ જ્યોત્સનાબહેન દોષીના ગળામાંથી સોનાની ચેઈન પેડલ સાથે કિમત રૂપિયા ૧,૨૫,૦૦૦/– ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ જ્યોત્સનાબહેન દોષીએ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૬૬૦/૨૦૨૬**

શહેરકોટડાઃ મોનાલી સાગર હત્વાર (ઉ.વ.૩૩) (રહે. તપોવન સોસાયટી વિભાગ–૦૧ અનિલ સ્ટાર્ચ રોડ બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૫/૨૦૨૬ સવારના ૭/૪૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે છતના લોખંડના કડા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી તુષાર દશરથભાઇ ચલાવે છે.

બોડકદેવઃ વિદિત ભાર્ગવભાઇ જાની (ઉ.વ.૨૧) (રહે. આલાપ એપાર્ટમેન્ટ, ભાઇકાકાનગર, થલતેજ) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૫/૨૦૨૬ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતમાં લગાવેલ કડા સાથે દોરડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રમુજી હેમતાજી ચલાવે છે.

વટવાઃ રોહીત સ/ઓ રાજદેવસિંગ રાજપુત (ઉ.વ.૧૯) (રહે. બચુનગર બચુભાઈનો કુવો વટવા) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૫/૨૦૨૬ ના કલાક ૧/૦૦ થી સવારના ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રૂપ વાટીકા મેદાનમાં ઝાડ સાથે શર્ટ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી યુવરાજસિંહ કલુભા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી